# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-11-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક વિભાગ દ્વારા
સૌ શ્રોતા મિત્રોને નવા વર્ષની સંધ્યાએ નૂતન વર્ષાભિનંદન

---

1) રાજયભરમાં આનંદ, ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે નૂતનવર્ષની ઉજવણી
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને શુભેચ્છા પાઠવી.
3) નવા વર્ષ નિમિત્તે યાત્રાધામોમાં ભકતોનું ધોડાપુર ઉમટયું – મંદિરોમાં અન્નકૂટ અને વિશેષ પૂજન-આરતી યોજાઈ
4) પશ્ચિમ રેલવે છઠ પૂજાને ધ્યાનમાં રાખીને આવતીકાલથી સાબરમતી અને પટના વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે.
5) તહેવારોમાં મુસાફરોના ધસારાના કારણે એસ.ટી. વિભાગની આવકમાં વધારો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# OVER ALL NEW YEAR

સમગ્ર રાજ્યમાં આજે વિક્રમ સંવત 2081નું નૂતન વર્ષ ઉજવાઈ રહ્યું છે.

સવારથી જ મંદિરોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. કૃષ્ણ મંદિર હોય કે માતાજીનું મંદિર હોય અથવા સ્વામિનારાયણ મંદિર હોય બધે જ ભગવાનને નવા વાધા પહેરાવી શણગાર સજાવ્યો હતો. અવનવી રંગેબરંગી રોશનીથી આખું પરિસર જગમગતું જોવા મળ્યું હતું.

ઠેર ઠેર અન્નકૂટના દર્શનનો ભકતોએ લ્હાવો લીધો હતો. ગોવર્ધન પૂજા અને યજ્ઞ, હવન, આરતી સાથે મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. લોકો એકબીજાને નૂતન વર્ષાભિનંદન અને સાલમુબારકની શુભેચ્છા પાઠવતા જોવા મળ્યા હતા. અને એકબીજાને મીઠાઈ ખવડાવીને મોં મીઠું કરાવતા હતા. તો લોકો પણ નવા નવા કપડા પહેરીને નૂતન વર્ષનો તહેવાર આનંદે ઉજવી રહ્યા છે. કેટલાંક લોકો તો વળી ધાર્મિક સ્થાનોએ અને ફરવા લાયક સ્થળોએ મોજ માણી રહ્યા છે.

પંચપર્વના આ દિવસોમાં લોકોમાં અનેરો આનંદ અને ઉત્સાહ છવાયેલો છે. આવતીકાલે ભાઈબીજનો તહેવાર ભાઈ-બહેનના પવિત્ર સંબંધોની સાક્ષી પૂરાવશે. ભાઈ-બહેનના ઘરે જમીને નવું વર્ષ શુભદાયી, ફળદાયી અને લાભદાયી નીવડે તેની શુભેચ્છા મેળવશે. ભાઇબહેનના પ્રેમ અને પવિત્ર બંધનના પ્રતીક સમી ભાઇબીજને યમદ્વીતીયા પણ કહેવાય છે. પૌરાણિક કથા અનુસાર યમરાજ બહેન યમુનાને મળવા આવ્યા ત્યારબાદથી ભાઇબીજની ઉજવણીની શરૂઆત થઇ ભાઇબીજમાં બહેન ભાઇને તીલક કરી નાળીયેર આપે છે અને ભાઇના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરે છે.

----------------------------------------------------------------

- ન્યુઝ રૂમ હિના મોદી -(NAVIN)

# PM-GUJARATI NEW YEAR

**પ્રધાનમંત્રી** નરેન્દ્ર મોદીએ, આજે ગુજરાતી નવા વર્ષ નિમિત્તે ગુજરાતની જનતાને શુભેચ્છા પાઠવી હતી.

**પ્રધાનમંત્રી** મોદીએ સોશિયલ મીડિયા પર ગુજરાતી ભાષામાં એક પોસ્ટમાં લખ્યું કે, આજથી શરૂ થયેલું આ નવું વર્ષ તમારા જીવનમાં સુખ, સફળતા અને સમૃદ્ધિ લઈને આવે અને તમારું સ્વાસ્થ્ય સારું રહે એવી પ્રાર્થના. આવનારા વર્ષમાં તમારા બધા સપના સાકાર થાય અને દરેક દિવસ નવી ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલો રહે, એવી પ્રાર્થના સાથે નવા વર્ષની શુભકામનાઓ...!! નવા વર્ષની શુભેચ્છાઓ!"

---------------------------------------------------------------------

- રીપીટ

# AMIT SHAH NEW YEAR

આજે નવા વર્ષના પ્રારંભે કેન્દ્રિય ગૃહ અને સહકારિકતા મંત્રી અમિત શાહે અમદાવાદમાં થલતેજ ખાતે પોતાના નિવાસસ્થાને નવા વર્ષની લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ અમિત શાહને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી શાહને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા સંસદ સભ્યો, દિનેશ મકવાણા, એચ. એસ. પટેલ, રાજ્યસભાના સાંસદ મયંક નાયક, ભાજપ અમદાવાદ શહેર પ્રમુખ અમિત શાહ, મેયર પ્રતિભા જૈન, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, અમદાવાદના ધારાસભ્યો, કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યાં હતાં.

સુરતમાં કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલે પણ પોતાના નિવાસસ્થાને પક્ષના કાર્યકર્તાઓ અને શુભેચ્છકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

## (બાઇટ સી.આર. પાટીલ)

-------------------------------------------------------------------

\- રીપીટ

# C.M. NEW YEAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા છે. તેમણે આ નવું વર્ષ સમગ્ર રાજ્ય માટે શ્રેષ્ઠ અને સમૃદ્ધિમય બને તેમજ ગુજરાત દેશમાં સર્વાધિક પ્રગતિના નવા શિખરો સર કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ સૌના સાથ સૌના વિકાસના મંત્રને આત્મસાત કરી પ્રત્યેક ગુજરાતી રાજ્યના વિકાસમાં સહભાગી બને તેવી શુભેચ્છાઓ પણ પાઠવી છે.

શ્રી પટેલે નૂતનવર્ષનો આરંભ ગાંધીનગરમાં પંચદેવ મંદિરમાં દર્શન-પૂજનથી કર્યો હતો.  ત્યારબાદ મુખ્યમંત્રીએ અમદાવાદના ભદ્રકાળી માતાજીના ભક્તિભાવપૂર્વક દર્શન-પૂજન કર્યા હતા. મુખ્યમંત્રીએ જનતાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

## (બાઇટ ભૂપેન્દ્ર પટેલ)

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લઈને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નવા વર્ષની શુભકામના પાઠવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, ખાતે શહેરના શ્રેષ્ઠીઓ અને સામાન્ય નગરજનોને મળી નવ-વર્ષની શુભેચ્છાઓનું આદાન પ્રદાન પણ કર્યું હતું. આ અવસરે રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના મેયર પ્રતિભા જૈન, ધારાસભ્ય, કાઉન્સિલરઓ, અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ ભાજપના આગેવાનો અને હોદ્દેદારોએ તેમને આવકારી નવા વર્ષની શુભેચ્છા પણ પાઠવી હતી.

ત્યારબાદ મુખ્યમંત્રી શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પણ પાઠવી હતી. આ અવસરે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ રાજકુમાર, રાજ્યના ડીજીપી વિકાસ સહાય તેમજ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

---

- INFO - AJAY -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# YATRADHAM UJAVANI

નવા વર્ષે મંદિરોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે. નવા વર્ષે ભકતો ભગવાનના દર્શન કરી નવા વર્ષની શુભ શરૂઆત સાથે આવનારું વર્ષ દરેક માટે સારું જાય તેવી ભગવાનને પ્રાર્થના કરી રહ્યાં છે.

રાજ્યના પ્રસિદ્ધ મંદિરો અંબાજી, દ્વારકા, પાવગઢ, ડાકોર, સોમનાથ, સાળંગપુર હનુમાન, ચોટીલા, શામળાજી, બહુચરાજી મંદિરોમાં નવા વર્ષ નિમિત્તે ખાસ શણગાર કરવામાં આવ્યો છે.

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં આજે સવારે મંગળા આરતીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા. આ અંગે બનાસકાંઠાના અધિક કલેકટર કૌશિક મોદીએ વધુ માહિતી આપી...

(બાઇટ અંબાજી કૌશિક મોદી અધિક કલેકટર)

દ્વારકામાં દ્વારકાધીશોને શિશ નમાવી નવા વર્ષની શરૂઆત કરવા ભકતોનું ઘોડાપુર ઉમટયું છે.તો સોમનાથ હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયું છે.

યાત્રાધામ શામળાજીમાં નવા વર્ષના પ્રારંભે ભગવાન શામળીયાના દર્શન કરવા ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે. શામળીયાને સોનાના આભુષણો સાથે શણગાર કરવામાં આવ્યો છે.

સાળંગપુરમાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભજન દેવ હનુમાનજી મંદિરે પણ ભકતોની ભીડ જોવા મળી રહી છે. આજે કષ્ટભજન દેવને સોનાના વાઘાની શણગારવામાં આવ્યા છે. નવા વર્ષે દાદાના દર્શન કરીને ભકતોએ ધન્યતા અનુભવી હતી. દ્વારકા અને પાવાગઢમાં પણ મોટી સંખ્યામાં ભકતો દર્શન કરવા માટે ઉમટી પડયા હતા.

આજે BAPS સ્વામિનારાયણ મંદિર શાહીબાગમાં એક હજાર 100થી વધુ વાનગીઓના મનોહર અન્નકુટના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડયા હતાં. અન્નકુટની સાથે સાથે ભારતીય સંસ્કૃતિના મૂલ્યોની દ્રઢતા કરાવતા તેમજ ભગવાન સ્વામીનારાયણના દિવ્ય જીવન અને કાર્યને ઉજાગર કરતા પ્રદર્શન સહજાનંદી ધર્મ જયોતનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદના ઇસ્કોન મંદિરમાં ગોવર્ધન પૂજા સાથે અન્નકુટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોવર્ધન પૂજાની સાથે સાથે ઇસ્કોન મંદિરમાં ગૌ-પૂજાનો પણ કાર્યક્રમ યોજાયો હતો. સવારે મંગલા આરતીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા.

તમામ યાત્રાધામો ઉપર દર્શનાર્થીઓની ભીડને જોતા તંત્ર દ્વારા તકેદારીના પગલાં પણ લેવાઇ રહ્યાં છે. પોલીસ ખડે પગે છે અને કોઇ પણ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે પોલીસ સજ્જ બની ગઇ છે.

---

- હિંદુસ્તાન સમાચાર – અજય ઇન્દ્રેકર -(NAVIN)

# SPECIAL TRAIN

**પશ્ચિમ રેલવે ત્રીજી નવેમ્બરે સાબરમતી અને પટના વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે.** પશ્ચિમ રેલ્વેએ છઠ પૂજા તહેવારને ધ્યાનમાં રાખીને, મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. સાબરમતી-પટના સ્પેશિયલ સાબરમતીથી 03 નવેમ્બર 2024 રવિવારના રોજ સાંજે છ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે 10.00 કલાકે પટના પહોંચશે. તેવી જ રીતે, 05 નવેમ્બરના મંગળવારના રોજ બપોરે એક કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે સાજે 5.30 કલાકે સાબરમતી પહોંચશે.

રૂટ પર બંને દિશામાં,આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, ગાંધીનગર-જયપુર, બાંદીકુઇ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, અયોધ્યા, અકબરપુર, જૌનપુર સિટી, વારાણસી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, બક્સર, આરા અને દાનાપુર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ ના કોચ હશે.

---

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# ST INCOME VADODARA

દિવાળીના તહેવારોના કારણે વડોદરા સહિત રાજયભરમાં એસટી વિભાગની આવકમાં વધારો થયો છે.

દિવાળી તહેવાર વખતે મુસાફરોને ધ્યાનમાં રાખીને રાજ્યમાં વધારાની બસ દોડાવવામાં આવી છે, ત્યારે ક્વાંટ, દાહોદ, ગોધરા, છોટા ઉદેપુર, લુણાવાડા સહિતના વિસ્તારોમાં મુસાફરોનો વધુ ઘસારો હોવાથી વડોદરા સેન્ટ્રલ બસ ડેપો દ્વારા 50 વધારાની બસ દોડાવી હતી, જેમાં વડોદરા એસટી ડિવિઝનને દિવાળીમાં માત્ર ત્રણ દિવસમાં 21 લાખથી વધુ આવક થઈ છે.

વડોદરા એસટી વિભાગના ટી.ડી.ઓ.એ કહ્યું કે, ક્વાંટ, દાહોદ, ગોધરા, છોટા ઉદેપુર, લુણાવાડા સહિતના વિસ્તારોમાં કુલ 406 ટ્રીપ કરી. જ્યારે વધારાની દોડાવવામાં આવેલી બસોમાં 14 હજારથી વધુ મુસાફરોએ તેનો લાભ લીધો હતો.

---------------------------------------------------------------------

- હિંદુસ્તાન સમાચાર, અજય ઇન્દ્રેકર - -(NAVIN)

# PATAN GAY DODAVANI PARMPARA

પાટણના સમી તાલુકાના વિવિધ ગામોમાં, નવા વર્ષના આગમનનો ઉત્સવ એક અનોખી રીતથી મનાવવામાં આવે છે, જેમાં સમગ્ર ગામના લોકો ગાયોને સુશોભિત કરીને પૂજન કરે છે અને દોડાવે છે. ગોધણા ગામમાં પાદરમાં તમામ ગામવાસીઓ એકત્ર થાય છે, જ્યાં યુવાનો ગાયોને સુંદર રીતે શણગારે છે અને શ્રદ્ધા તથા આશીર્વાદ રૂપે ગાયોને દોડાવવાનો પ્રાચીન ઉત્સવ ઉજવે છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું  કે, 800 વર્ષ જૂની આ પરંપરા આજે પણ જળવાઈ છે, અને આજ દિન સુધી કોઈ દુર્ઘટના ઘટી નથી. ઉડતી રજને પવિત્ર માનવામાં આવે છે અને લોકો તેના આશીર્વાદ રૂપે તે માથે ચઢાવે છે.

આ પરંપરા માત્ર ગોધણા જ નહિ, પરંતુ આસપાસના ધધાણા, હારીજ અને બોરતવાડા જેવા ગામોમાં પણ ઉજવાય છે. ગામના લોકો ગાય માતાના આશીર્વાદમાં આ ઊત્સાહભર્યો તહેવાર ઉજવે છે, અને પાળિયાઓનું પૂજન કરીને શહીદોને યાદ કરવાનું પણ ભૂલતા નથી.

------------------------------------------------------------------

- હિન્દુસ્તાન સમાચાર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Golden Paduka Shamalaji

શામળાજી ખાતે આવેલ વિષ્ણુ ભગવાનના મંદિર ખાતે શામળિયા ભગવાનને નૂતન વર્ષે સુવર્ણ ભેટ અર્પણ કરાઇ. હિંમતનગરના એક ભક્ત દ્વારા શામળિયાને સોનાની પાદુકા અર્પણ કરાઈ, આ પાદુકા કિંમત આશરે 30 લાખ રૂપિયા છે અને 400 ગ્રામ વજનની છે.

નવા વર્ષે શામળિયાને સોનાનું દાન કરી અનોખી શ્રદ્ધા હોવાની માન્યતા પ્રમાણે આજે હિંમતનગરના પરીવારના સભ્યો સાથે પાદુકાનું પૂજન અર્ચન કરી ભગવાનને અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.

-----------------------------------------------------------------------

- હિંદુસ્તાન સમાચાર – અજય ઇન્દ્રેકર -(NAVIN)